સોશિયલ મીડિયામાં માવઠું

એક જ મહિનામાં બીજી વખત માવઠું પડતા સોશિયલ મીડિયામાં જાતભાતના મેસેજીસ ફરતા થયા

ગાંધીનગર, તા. ૧

વાતાવરણમાં ફરી પલ્ટો આવ્યો છે. એક માસમાં બીજી વખત માવઠાની સ્થિતિ સર્જાતા સોશીયલ મીડિયા પર માવઠુ છવાયુ છે. માવઠાને લગતી વિવિધ શાયરીઓ, જોક્સ અને મીમ્સની આપ-લે સોશીયલ મીડિયા પર વધી ગઈ છે.

આજ સવારથી જ વાતાવરણમાં જોરદાર પલ્ટો આવ્યો છે. જાણે ચોમાસુ બેઠુ હોય તેવા વાદળો આકાશમાં છવાયા છે. આકાશમાં છવાતા વાદળોની સાથોસાથ ઝરમર વરસાદ પણ વરસી રહ્યો છે. અચાનક પડેલા માવઠાથી વાતાવરણ ઠંડુગાર થઈ ગયુ છે. શહેર જાણે કોઈ હીલસ્ટેશન હોય તેવુ લાગી રહ્યું છે. આકાશમાં છવાયેલા વાદળોની અવરજવર વચ્ચે ઝરમર વરસાદ અનોખુ દૃશ્ય ઉભુ કરી રહ્યા છે. માવઠા વચ્ચે સોશીયલ મીડિયા પર જાતભાતના જોક્સ અને ક્વોટ્સ ફરતા થયા છે. માવઠાને લગતા મીમ્સ જોઈ સૌ કોઈ આનંદિત બની ઉઠ્યા છે. માવઠાએ સોશીયલ મીડિયાને જાણે નવો ટોપીક આપ્યો છે.

- આજે તો ધાબુ આબુ લાગે છે.
- જે લોકો એમ કહે છે મારી પહોંચ ઉપર સુધી તેમને નમ્ર વિનંતી... આ માવઠા બંધ કરાવે.
- અરબ સાગરે કોઈ સારા મનોચિકિત્સકને બતાવવાની જરૂર છે... કોઈ પણ ઋતુમાં ડિપ્રેશન આવી જાય છે.
- ઠંડી તારી અનોખી રીત...
  ભર શિયાળે બાંધી સાવન હારે પ્રીત...
  ઝગડે ચડ્યા સ્વેટર અને રેઈનકોટ
  કોની હાર અને કોની જીત
- ભગવાન પણ કન્ફ્યુઝ કરી નાખે છે
  હવે આમાં ઓળો રોટલો ખાવો કે ભજીયાં...
- લોક લાગણીને માન આપીને વાતાવરણ ડિપાર્ટમેન્ટ તરફથી આખુ ગુજરાત સેન્ટ્રલી એસી કરી દેવામાં આવ્યું છે... એન્જોય વીથ સ્વેટર+રેઈનકોટ
- ઝાકળને બદલે ઝરમર થઈ ગયુ,
  પ્રભુથી પણ કંઈક અલગ થઈ ગયું,
  ગુલાબી સવારે શહેર કોને રિઝવવા,
  માટીથી મહેકતુ મનોહર થઈ ગયું...
- જો ઈશ્વર અચાનક વાતાવરણ બદલી શકતો હોય...
  એ ગમે ત્યારે પરિસ્થિતિ પણ બદલી જ શકે છે.

ગાંધીનગરમાં એન્જિમેક ટ્રેડ-શો નો શુભારંભ

મુખ્યમંત્રીએ ટ્રેડ-શો માં આકર્ષણનું કેન્દ્ર બનેલા ઇલેક્ટ્રિક વ્હીકલ અને ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશનના સ્ટોલની પણ મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરના હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે આયોજીત ૧૫માં એન્જિમેક ટ્રેડ-શો-૨૦૨૧નો શુભારંભ કરાવ્યો હતો.

મુખ્યમંત્રીએ એન્જિમેક ટ્રેડ શો માં સ્થિત વિવિધ સ્ટોલની મુલાકાત લઈ ઓટોમેશન અને રોબોટિક્સ, લેઝર મેટલ ટેકનોલોજી, મેન્યુફેક્ચરિંગ અને મશીન ટૂલ્સ જેવા ક્ષેત્રની નવીનતમ તકનીકો, સંલગ્ન મશીનરીઝની માહિતી મેળવી હતી.

તેમણે ટ્રેડ-શોમાં આકર્ષણનું કેન્દ્ર બનેલા ઈલેક્ટ્રિક વ્હીકલ અને ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશનના સ્ટોલની વિશેષ મુલાકાત લીધી હતી.

૨૦૨૨માં જાન્યુઆરી માસમાં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ યોજાવાની છે ત્યારે આ એન્જિમેક ટ્રેડ-શો ૨૦૨૧થી વાઈબ્રન્ટ સમિટમાં આંતરરાષ્ટ્રીય સહભાગીતાની પીઠિકા તૈયાર થઈ છે.

'આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત'ની વિભાવનાને સાકાર કરવા માટે એન્જીમેક ટ્રેડ શો ગુજરાતની લોકલ મેન્યુફેક્ચરિંગ ટેકનોલોજીસને અપડેટ કરવામાં અને ઉત્પાદન પ્રક્રીયાઓને વધુ ઉત્કૃષ્ટ બનાવવામાં મદદરૂપ થશે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં સતત ફરફર વરસાદને કારણે નગરનું જનજીવન ખોરવાઈ જવા પામ્યુ હતુ.
- રાજયના મુખ્ય સચિવ પંકજકુમારે આજે જિલ્લાતંત્રો સાથે વિડીયો કોન્ફરન્સ કરી વન, આરોગ્ય વિભાગ સહિતના મુદ્દાઓને લઈ સમીક્ષા કરી હતી. તેમણે વિદેશથી આવેલા નાગરિકોને આરોગ્યની તપાસ અને અન્ય બાબતોમાં સંવેદનશીલ રહી કામગીરી કરવા જણાવ્યુ હતુ.
- ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં પશુઓમાં ખરવા-મોવાસાના કેસો દેખાયા છે.
- વિસનગરા નાગર ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા ૧૯મી ડિસે.ના રોજ સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું છે.
- ગાંધીનગર જિલ્લામાં મગફળીની ટેકાના ભાવે હજુ ખરીદી શરૂ થઈ નહિ હોવાની વાતે ખેડૂત આલમમાં ચર્ચા જગાવી છે.
- ગાંધીનગર શહેર જિલ્લામાં કોરોના વેક્સિનેશન અભિયાનમાં ૮ હજારથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં ૭૧૦૦ થી વધુ તો શહેરમાં ૧૩૦૦ થી વધુ લોકોને આવરી લેવાયા છે.
- સે. ૩૦ના ઉદ્યાનમાં એલ.આર.ડી.ના પરીક્ષાર્થીઓ માટે કાઉન્સીલર કિંજલ પટેલના પ્રયાસોથી બગીચામાં ૪૦૦ મીટરની ટ્રેક તૈયાર કરવામાં આવી છે.
- આગામી ૪થી ડિસેમ્બરે શનિશ્ચરી અમાસ છે.
- જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં પંચાયતોની ચૂંટણીનું વાતાવરણ જામતુ જાય છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની સફાઈનું કામ કરતી એજન્સીનો કોન્ટ્રાક્ટ રદ કરવામાં આવ્યો છે.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

બહેન તમે શું કામ સો રૂપિયે કિલો શાક ખરીદવા અચકાવ છો... તમારા ઘરવાળા સો રૂપિયે પેટ્રોલ રોજે રોજ પુરાવે જ છે ને...!!

ગૂજરાત વિદ્યાપીઠ સાદરા ખાતે એઈડ્સ જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ચિલોડા, તા. ૧

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા ખાતે રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા આયોજિત આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત વિશ્વ એઈડ્સ દિવસની પહેલી ડિસેમ્બર બુધવારના રોજ ઉજવણી કરવામાં આવી હતી. જેમાં એઈડ્સ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

તેમાં મુખ્ય વક્તા તરીકે તબીબી અધિકારી ડૉ. નયનેશ વસાવાએ એઈડ્સ એટલું શું, એચઆઈવી તથા તે થવા પાછળના કારણો, રોકથામ જણાવી લોકજાગૃતિ લાવવા માટે ડોક્યુમેન્ટરી ફિલ્મ બતાવી હતી અને ઉદાહરણ સહિત સમગ્ર ચર્ચા કરી હતી. આભારદર્શન ડૉ. દિવ્યેશ ભટ્ટે કર્યુ હતુ. સમગ્ર કાર્યક્રમનું આયોજન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતીભાઈ દેવુએ કર્યુ હતુ.

ડભોડા ખાતે છેલ્લા ચાર વર્ષથી ફરજ બજાવતા એલઆરડી જવાનનું નિધન

બે દિવસમાં બે પોલીસ જવાનના દુઃખદ અવસાનથી પોલીસ તંત્ર શોકમાં ગરકાવ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના ડભોડા પોલીસ મથકે છેલ્લા ચાર વર્ષથી એલઆરડી જવાન તરીકે ફરજ બજાવતા આકાશ કનુભાઈ પટેલને અચાનક હાર્ટ એટેકના હુમલાને પગલે મૃત્યુ નિપજયુ છે. પોલીસ જવાનના મૃત્યુને પગલે પરિવાર પર આભ તુટી પડ્યું છે. દહેગામ તાલુકાના પાટનાકુવાના વતની અને યુવાન પોલીસ જવાનના અચાનક અવસાનથી પોલીસે બેડામાં શોકનો માતમ છવાયો છે. બે દિવસમાં બે યુવાન પોલીસકર્મીઓનો હૃદયરોગના હુમલામાં અવસાન થતા જિલ્લા પોલીસ તંત્ર શોકમય વાતાવરણ છવાયું છે.

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના પાટનાકુવા ગામના વતની આકાશ કનુભાઈ પટેલ ડભોડા ખાતે લોકરક્ષક તરીકે ફરજ બજાવતા હતા. ૨૯

વર્ષિય આકાશ પટેલ ગતરોજ નોકરીથી ઘરે પરત ફર્યા હતા. ત્યારબાદ તેઓ કોઈ કામઅર્થે તલોદ ગયા હતા. જયાં આકાશ પટેલને છાતીમાં દુખાવો ઉપડતા તાત્કાલીક તલોદ અને વધુ સારવાર માટે દહેગામ તેમજ વધુ સારવાર માટે તેઓને શેલ્બી હોસ્પિટલ લઈ જવાયા હતા. જયાં તેમનુ અવસાન થયુ હતું. આકાશ પટેલના લગ્ન અઢી વર્ષ અગાઉ જ થયા છે અને એક વર્ષની બાળકી છે. યુવાન પોલીસકર્મીના મૃત્યુના સમાચાર વાયુવેગે ડભોડા તેમજ પાટનાકુવામાં પ્રસરતા ગામમાં શોકનો માહોલ છવાયો છે. જયારે હરહંમેશ હસતો અને શાંત સ્વભાવનો આકાશ સાથી કર્મચારી અને અધિકારીઓમાં આગવુ સ્થાન ધરાવતો હતો. જયારે આકાશ પટેલ પોતાની પાછળ પરિવારમાં માતા-પિતા, પત્નિ-દિકરી અને ભાઈ સહિત પરિવારને કલ્પાંત કરતા મુકી ગયા છે. આકાશ પટેલના પરિવારના હૈયાફાટ રૂદનથી પરિવારના સભ્યો સહિત ડભોડા પોલીસ મથકના સાથી કર્મચારીઓ પણ પોતાના આંસુ રોકી શક્યા ન હતા.

જનસુવિધા માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા હેલ્પલાઈનનું લોકાર્પણ : ૧૮૦૦-૧૦૮-૧૮૧૮

ગાંધીનગર મહાનગર પાલિકા અને ગાંધીનગર સ્માર્ટસીટી અંતર્ગત કમાન્ડ એન્ડ કન્ટ્રોલના ભાગરૂપે ટોલ ફ્રી હેલ્પલાઈન નંબરની સુવિધા નાગરિકો માટે ઉપલબ્ધ કરવામાં આવેલ છે. ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા, નાયબ મેયર પ્રેમલસિંગ ગોલ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન જશવંતભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનર ડૉ. ધવલ પટેલ દ્વારા આજરોજ ૧૮૦૦-૧૦૮-૧૮૧૮ પર કાર્યરત હેલ્પલાઈનનાં નવીનીકરણનું આજરોજ લોકાર્પણ કરવામાં આવેલ છે. આ નિઃશુલ્ક હેલ્પલાઈન દ્વારા નાગરિકો સવારના ૬ વાગ્યાથી રાત્રીના ૧૦ વાગ્યા સુધીમાં ફરીયાદ, સૂચનો અને અભિપ્રાયો નોંધાવી શકાશે. જેનો ટીકીટ આઈ.ડી. તેમને કરેલ મોબાઈલમાં તેઓને ત્વરીત મોકલવામાં આવશે.

નાગરિકો દ્વારા આ હેલ્પલાઈન પર નોંધવામાં આવેલ ટીકીટ આઈ.ડી. અનુસંધાને મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલ કામગીરીની જાણકારી પણ કોલ દ્વારા મેળવી શકાશે. મહાનગરપાલિકાના વિવિધ શાખા-અધિકારીઓ પોતાની શાખાને ફળવાયેલ ફરિયાદ, સુચન અને અભિપ્રાયો પર લીધેલ પગલા પણ આ સિસ્ટમમાં નોંધી શકશે. આમ આ સિસ્ટમ નાગરિકોની ફરિયાદના ત્વરીત કે સમયસર નિવારણમાં મદદરૂપ બનશે.

એઈડસ ડે નિમિતે નાના બાળકોને કપડા અને રમકડા વિતરણ કરાયા

આજરોજ સ્વેતના પ્રોગામ દ્વારા વર્લ્ડ એઈડ્સ ડે ૨૦૨૧ નિમિતે ગાંધીનગર જિલ્લાની એચઆઈવી સગર્ભા બહેનોના નાના ભુલકાઓને ગાંધીનગર જિલ્લા પંચાયત સદસ્ય અનિલભાઈ પટેલ દ્વારા રમકડા અને કપડા આપવામાં આવ્યા હતા.જયારે વેલકમ માય વર્લ્ડ પીપલ દ્વારા ૩૦ એચઆઈવી સગર્ભા બહેનોને અનાજ કરીયાણાની કીટ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં એમઓટીસી અધિકારી ડો.મીનાબેન, સાર્થકભાઈ, સોમાજી ઠાકોર, શાખ્યા ફાઉન્ડેશનના પ્રમુખ આરાધના માસી ઉર્ફે કીરીટભાઈ, વેલકમના પ્રમુખ દિવ્યાબેન, સહિત જિલ્લા આઈસીટીસી,એઆરટી, વીહાન તેમજ સ્વેતના સ્ટાફના કર્મચારીઓ હાજર રહીને એઈડસ ડે ની ઉજવણી કરી હતી. આ પ્રસંગે રાષ્ટ્રીય એઈડસ નિયંત્રણ સોસાયટીના કરાર આધારીત કર્મચારીના પગાર સુધારણા માટે જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. જેમાં અર્જુનસિંહ પરમાર, પરેશ પરમાર, રણજીત લખવારા, લલિત પરીખ, મહેન્દ્રસિંહ, મુકેશભાઈ અને સુજતાબેન અને સમીમબાનુ હાજર રહ્યા હતા.

"રાણી લક્ષ્મીબાઈ" વિષય ઉપર રાજ્યકક્ષાની ઓનલાઈન ચિત્રકલા સ્પર્ધા યોજાશે

વિજેતાઓને રોકડ ઈનામો અપાશે : સ્પર્ધકોએ પોતાની કૃતિ ૧૭મી ડિસેમ્બર-૨૦૨૧ સુધીમાં મોકલવાની રહેશે

ગાંધીનગર, તા. ૧

રમતગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજય લલિતકલા અકાદમી દ્વારા દેશની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે ચાલી રહેલાં "આઝાદી કા અમૃત મહોત્સવ" કાર્યક્રમ અંતર્ગત "રાણી લક્ષ્મીબાઈ" વિષય ઉપર રાજયકક્ષાની ઓનલાઈન ચિત્રકલા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે તેમ ગુજરાત રાજય લલિતકલા અકાદમી, અમદાવાદની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

આ ચિત્રકલા સ્પર્ધામાં ગુજરાતના વતની એવા ધોરણ - ૧ થી ૧૨માં અભ્યાસ કરતા શાળાના બાળકો ભાગ લઈ શકશે. સ્પર્ધકે "રાણી લક્ષ્મીબાઈ" વિષય ઉપર પોતાની કૃતિ તૈયાર કરી નિયત ફોર્મમાં જરૂરી વિગતો ભરીને તા.૧૩-૧૨-૨૦૨૧ સવારે ૧૨ કલાકથી તા.૧૭-૧૨-૨૦૨૧ના સાંજે ૬ કલાક સુધીમાં જેપીજી ફોર્મેટમાં gslka.ranilaxmibai@gmail.com ઈ-મેઈલ એડ્રેસ પર ઓનલાઈન ફોર્મ તથા કૃતિ રજૂ કરવાની રહેશે.

સ્પર્ધક મહત્તમ એક કૃતિ સ્પર્ધા માટે રજૂ કરી શકશે. આ કૃતિઓનું ગૌરવ પુરસ્કૃત નિષ્ણાંત કલાકારો દ્વારા નિરિક્ષણ કરાવીને તેમાંથી ત્રણ વિજેતા કલાકારોની પસંદગી કરાશે.

આ પસંદગી પામેલા કલાકારો પૈકી પ્રથમ વિજેતાને રૂ.૭,૦૦૦/-, દ્વિતીય વિજેતાને રૂ.૫૦૦૦/- તથા તૃતીય વિજેતાને રૂ.૩૦૦૦/- એમ ત્રણ ઈનામો આપવામાં આવશે. આ સ્પર્ધાના નિયમો તથા સ્પર્ધાનું ફોર્મ gslka.ranilaxmibai@gmail.com ઈ-મેઈલ એડ્રેસ મેઈલ કરીને મેળવી શકાશે.

વધુ વિગત માટે ફોન નં. ૦૭૯-૨૬૪૨૫૫૬૨નો સંપર્ક કરવા લલિતકલા અકાદમી જણાવાયું છે.

છાલામાં બંધ મકાનનું તાળુ તુટ્યું : રૂ.૯૦ હજારની ચોરી

છાલા ગામ ખાતે હસુદાદાની દરગાહ નજીક બંધ મકાનમાં તસ્કરોએ ત્રાટકીને તરખાટ મચાવ્યો છે. ઘરના સભ્યો અમદાવાદ ગયા હતા તે સમયે તસ્કરો કળા કરી ગયા છે. મેઈન દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશી રૂમમાં રહેલી તિજોરીમાંથી તસ્કરોએ સોના-ચાંદીના દાગીના અને રોકડા રૂ.૧૦ હજાર મળી કુલ રૂ.૯૦ હજારની મત્તાની ચોરી કરી ચોર શખ્સો પલાયન થઈ ગયા છે.

છાલા ગામ સ્થિત હસુદાદાની દરગાહ નજીક રહેતા યાકુબમીયા નાશીરમીયા ચૌહાણ (ઉં.૫૭) પરિવાર સાથે રહે છે અને એન્જીનિયર તરીકે ખાનગી નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા.૨૫ નવમ્બરના રોજ સરખેજ અમદાવાદ હિમાદ ફલેટ ૭૦૧-એ-૧ બ્લોક ખાતે ફરીયાદીએ દિકરા દિકરીઓ માટે મકાન ખરીદ્યું હોવાથી તે ઘરે ગયા હતા. ત્યારબાદ તા.૨૮ નવેમ્બરના રોજ બપોરના આશરે સાડા બાર વાગે પાછા છાલા ખાતે આવ્યા હતા. તે સમયે ઘરેથી ઘરવપરાશની ચીજવસ્તુઓ ફ્રીજ, વોશીંગ મશીન, તેમજ અનાજ વગેરે લઈ સાંજના પોણા પાંચ વાગે ઘરને બંધ કરીને દરવાજાને લોક મારી સરખેજ ગયા હતા. ત્યારબાદ ગતરોજ ખેતીકામ હોવાથી સવારના ૧૦ વાગે છાલા પરત ફર્યા હતા. તે સમયે જોયુ તો ઘરનો દરવાજો ખુલ્લો હતો અને લોક બાજુમાં તુટેલી હાલતમાં હતું. જેથી ઘરમાં ચોરી થઈ હોવાની શંકા ગઈ હતી. ફરીયાદીએ ઘરમાં જઈને બીજા રૂમમાં જોયુ તો રાખેલી તિજોરી તેમજ લાકડાના કબાટના બંન્નેના દરવાજા ખુલ્લા હતા અને સામાન વેર-વિખેર હાલતમાં પડ્યો હતો.લોખંડની તિજોરીના ખાના ખુલ્લા હોવાથી તપાસ કરતા નાના લેડીઝ પર્સમાં રાખી મુકેલા પત્નિ સકીલાબીબીની સોનાની કાનની શેર નંગ-૨, સોનાની અંગુઠી નંગ-૨, સોનાની બુટ્ટી જીણી ભાતવાળી નંગ-૨, સહિત રોકડા રૂ.૧૦ હજાર મળી કુલ રૂ.૯૦ હજાર મત્તાની ચોરી થવા પામી છે. બનાવ અંગે ચિલોડા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

રાજ્યમાં કોરોનાના નવા ૪૫ કેસ

ગાંધીનગર, તા.૧

રાજ્યમાં કોરોનાના નવા ૪૫ કેસ સામે આવ્યા છે. તો બીજી તરફ ૨૬ દર્દીઓ રિકવર થયા છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૭,૧૩૪ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. જેના પગલે ગુજરાતનો કોરોના રિકવરી રેટ પણ સુધરીને ૯૮.૭૪ ટકાએ પહોંચ્યો છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે કુલ ૪,૨૬,૧૬૧ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા.

જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૨૯૩ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૮ નાગરિકો વેન્ટીલેટર પર છે.

ગોલ્ડન બોય નિરજ ચોપરા ગુજરાતની મુલાકાતે આવશે

ટોક્યો ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીતીને દેશનું નામ રોશન કરનાર ગોલ્ડન બોય નિરજ ચોપરા ગુજરાતની મુલાકાતે આવશે. આ દરમિયાન તે વિદ્યાર્થી સાથે સંતુલિત આહાર, ફિટનેસ, સ્પોર્ટ્સ જેવા વિવિધ મુદ્દાઓ પર વાતચીત કરશે. આગામી ૪ ડિસેમ્બરે નિરજ ચોપરા અમદાવાદ ખાતે આવેલી સંસ્કારધામ સ્કૂલમાં તે મિશન શરૂઆત કરશે. કેન્દ્રીય રમત ગમત મંત્રી અનુરાગ ઠાકુરે આ અંગે ટ્વીટ કરી જાણકારી આપી છે. તાજેતરમાં ટોક્યો ઓલિમ્પિકમાં ગોલ્ડ જીતીને ઈતિહાસ રચનાર નીરજ ચોપરાને મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ આપવામાં આવ્યો હતો.

ગેપ સંસ્થા અને એઆરટી વિભાગ દ્વારા વિશ્વ એઈડસ દિવસ મનાવવામાં આવ્યો

આજરોજ ગેપ સંસ્થા દ્વારા સિવિલ હોસ્પિટલ ગાંધીનગરના એઆરટી વિભાગ સાથે વિશ્વ એઈડસ દિવસ મનાવવામાં આવ્યો હતો. હર્ષદભાઈ જાની એ "આવો અસમાનતાનો અંત લાવીએ" "એચઆઈવી એઈડસને નાબુદ કરીએ,અને રોગચાળાને ખતમ કરીએ"સ્લોગનની સમજણ આપી જિલ્લા ક્ષય વિભાગના ડો. મીનાબેને એચઆઈવીની નિયમિત સારવાર લેતા ૧૫ જેટલા મહિલા, પુરુષ અને બાળકો અને ટી.જી.ને પ્રમાણપત્ર, ગીફટ અને પ્રોટીન પાવડર આપી પ્રોત્સાહન આપ્યું હતું. જયારે એઆરટી સેન્ટર ના ડો.સાર્થક તેમજ સમગ્ર એઆરટી અને આઈસીટીસી સ્ટાફને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા.એઆરટી સેન્ટરને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. જયારે ૬૦ પ્રોટીન પાવડરના ડબ્બા દરેક એચઆઈવી સાથે જવાતા વ્યકિતને આપવામાં આવ્યા હતા.

આજે મેસ્સી મ્યુચેન ઈન્ડીયા દ્વારા હેલીપેડ ખાતે ૩ મેગા એક્ઝિબેશનનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧

મેસ્સી મૂએન્ચેન ઈન્ડીયા દ્વારા તા.૨ થી ૪ ડિસેમ્બરના રોજ હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે ૩ મેગા એક્ઝિબેશનનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે સેકટર-૧૭ એક્ઝિબેશન સેન્ટર ખાતે મેસ્સી મ્યુચેન ઈન્ડીયાના સીઈઓ ભુપીન્દર સિંગએ પત્રકાર પરિષદમાં માહિતી આપતા જણાવ્યું હતું કે અમને અત્યંત ખુશી છે કે અમારા ત્રણ મહત્વના એકસ્પો ગાંધીનગર ખાતે લઈ આવ્યો છે. આ ત્રણ એકસ્પોમાં ડ્રીંક ટેકનોલોજી ઈન્ડીયા, આઈએફએટી ઈન્ડીયા અને ઈન્ટર સોલાર ઈન્ડીયાનો સમાવેશ થાય છે. આ ત્રણેય વિવિધ ઈન્ડરસ્ટ્રીઝના એકસ્પો છે, જે મહત્વના છે અને એ હવે ગુજરાતમાં ઉદ્યોગ વ્યવસાયિકોને મળવા અને અભિવાદન કરવા તેમજ બિઝનેસ કરવા માટે ખાસ એડીશનનું આયોજન કરીને તેમના પ્રાદેશીક પદચિહ્નને વિસ્તૃત કરી રહ્યા છે. આ ત્રણ શોનું આયોજન તા.૨ થી ૪ ડિસેમ્બર દરમિયાન હેલીપેડ એક્ઝિબેશન સેન્ટર ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. ત્યારે આ પ્રસંગે હાજર રહેવા બદલ ગુજરાત ચેમ્બર ઓફ ઈન્ડરસ્ટ્રીઝના પ્રમુખ હેમંત શાહ, નેશનલ સોલાર એનર્જી ફેડરેશનના

ફાઉન્ડર ચેરમેન પ્રણવ મહેતા, ગુજરાત ફેડરેશન ઓફ સોલારના પ્રમુખ કિશોરસિંહ ઝાલાનો પણ આભાર વ્યકત કર્યો હતો.

ડ્રીંક ટેકનોલોજીએ ભારત દેશમાં પીણા ઈન્ડરસ્ટ્રી, ડેરી અને લિકવીડ ફુડ સેકટર માટે સૌથી અગ્રણી વેપાર મેળો છે.આઈએફએટી એ પાણી, ગટર, ઘન કચરો અને રીસાયકલીગ ક્ષેત્ર માટે એક વ્યાપક પ્લેટફોર્મ છે. ઈન્ટર સોલાર એ સૌર ઉદ્યોગ, પીવી ઉત્પાદન અને સૌર થર્મલ તકનીકો માટે વિશ્વનું અગ્રણી પ્રદર્શન અને પરિષદ છે. આ ત્રણેય વેપાર મેળાનો ઉદેશ્ય પ્રદર્શકો, ખરીદદારો, અને મુલાકાતીઓ માટે આકર્ષક અનુભવ બનાવવા માટે એક છત નીચે નવીનતમ, ઉચ્ચતમ અને શ્રેષ્ઠતમ ટેકનોલોજીનો પ્રદાન કરવાનો છે. વધુમાં ભુપીન્દરસિંગે જણાવ્યું હતું કે અમે ખરીદદારો અને વિક્રેતાઓને રૂબરૂ મળવાની અને નવી વેપારની તકોને અનલોક કરવાની તક પુરી પાડવા માટે ખુશ છીએ. વેપારમાંથી મળેલ પ્રતિસાદ સકારાત્મક છે. ત્રણ દિવસના નેટવર્કિંગ અને ઉદ્યોગમાં વૃધ્ધીની રાહ જોઈ રહ્યા છે.